# સાયણ સુગરની ચૂંટણીમાં 50 NRI ખાસ મત આપવા વતનમાં આવ્યા

**કુડસદ** ઝોનમાં આશરે 1,800 જેટલા સભાસદોમાંથી 50 NRI



કીમ : સુરત જિલ્લામાં સુગર મિલોની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને સાયણ સુગર ફેક્ટરીની ચૂંટણી હવે ઉમેદવારો માટે પ્રતિષ્ઠાનો જંગ બની છે.

આગામી 9 ઓગસ્ટે યોજાનારી ચૂંટણીને લઈને ઉમેદવારો અને તેમના સમર્થકોએ જોરશોરથી પ્રચાર શરૂ કરી દીધો છે. ગામેગામ બેઠકો, સભાઓ અને રૂબરૂ સંપર્ક દ્વારા મતદારોને રીઝવવાના પ્રયાસો તેજ બન્યા છે. ત્યારે સૌથી મહત્વની વાત એ છે કે આ ચૂંટણીમાં મત આપવા માટે 50 **NRI** અમેરિકા, કેનેડા, લંડન, પેરિસથી ખાસ વતન આવ્યા છે

આ અંગેની મળતી માહિતી અનુસાર વિવિધ દેશોમાં વસતા સભાસદો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે ખાસ કરીને માદરે વતન પહોંચ્યા છે. કેટલાક NRI મતદારો તો પોતાના પસંદગીના ઉમેદવારના સમર્થનમાં પ્રચારમાં પણ જોડાયા છે. સાયણ સુગર મિલના વિવિધ ઝોન પૈકી કુડસદ ઝોનમાં NRI સભાસદ મતદારોની સંખ્યા સૌથી વધુ હોવાનું સામે આવ્યું છે. કુડસદ ઝોનમાં આશરે 1,800 જેટલા સભાસદો મતદાન કરશે. આ ઝોનમાં કુડસદ, કન્યાસી, બોલાવ, અણીતા, સ્યાદલા, કીમામલી અને વડોલી સહિતના ગામોનો સમાવેશ થાય છે. મળતી વિગતો મુજબ કુડસદ ઝોનના આશરે 50 જેટલા NRI મતદારો વિદેશથી ખાસ મતદાન માટે પોતાના વતન આવ્યા છે. જેના કારણે આ વખતે NRI મતદારો પણ ચૂંટણીના પરિણામમાં નિર્ણાયક ભૂમિકા ભજવી શકે તેવી ચર્ચા ચાલી રહી છે.

**અતિ વરસાદને કારણે મુલતવી રહેલી પરીક્ષા હવે યોજાશે**

# સુરત શહેર-જિલ્લામાં આજે 61 કેન્દ્રો પર TAT-HS મેઈન્સની પરીક્ષા લેવાશે

**11,299** ઉમેદવારો આપશે પરીક્ષા, કલેક્ટર દ્વારા વર્ગ-1 અને વર્ગ-2ના અધિકારીઓ ઓબ્ઝર્વર તરીકે નિયુક્ત

### ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે તમામ તૈયારીઓ પૂર્ણ

પરીક્ષા દરમિયાન કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. પરીક્ષા કેન્દ્રો, મુખ્ય માર્ગો તેમજ ટ્રાફિક વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને પોલીસ તંત્રને જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. ઉમેદવારો સમયસર પરીક્ષા કેન્દ્રો પર પહોંચી શકે તે માટે ટ્રાફિક વ્યવસ્થાનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

### પરીક્ષાનો સમય

» પ્રશ્નપત્ર-1 (ભાષા ક્ષમતા) સવારે 10:30 થી બપોરે 1:00 કલાક
» પ્રશ્નપત્ર-2 (વિષયવસ્તુ અને પદ્ધતિશાસ્ત્ર) બપોરે 3:00 થી સાંજે 6:00 કલાક

સુરત : ભારે વરસાદને કારણે અગાઉ મુલત્વી રહેલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક ભરતી માટે અત્યંત મહત્વની ગણાતી TAT-HS મેઈન્સ-2026 પરીક્ષા શનિવાર, 8 ઓગસ્ટે સુરત જિલ્લામાં કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે યોજાશે. સુરત જિલ્લામાં કુલ 61 પરીક્ષા કેન્દ્રોના 575 બ્લોકમાં 11,299 ઉમેદવારો પરીક્ષા આપશે.

આ પરીક્ષા માત્ર તે ઉમેદવારો માટે છે જેમણે અગાઉ યોજાયેલી TAT-HS પ્રિલિમિનરી (પ્રથમ તબક્કાની) પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી છે. મેઈન્સ પરીક્ષામાં સફળતા મેળવનાર ઉમેદવારો ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષક ભરતી પ્રક્રિયામાં આગળ વધશે. જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી દ્વારા પરીક્ષા નિષ્પક્ષ, પારદર્શક અને સુચારુ રીતે યોજાય તે માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

જિલ્લા કલેક્ટર દ્વારા પરીક્ષાના અસરકારક દેખરેખ માટે વર્ગ-1 અને વર્ગ-2ના અધિકારીઓને ઓબ્ઝર્વર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ વિવિધ પરીક્ષા કેન્દ્રોની મુલાકાત લઈ પરીક્ષાની કામગીરી પર નજર રાખશે અને જરૂરી માર્ગદર્શન આપશે. રાજ્યમાં આ પરીક્ષા માત્ર અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ એમ ચાર શહેરોમાં જ યોજાઈ રહી છે, જેના કારણે સુરતમાં પણ મોટી સંખ્યામાં ઉમેદવારો પરીક્ષા આપવા આવશે.

# LLBના 250 વિદ્યાર્થીઓ માટે રાહતનો માર્ગ ખૂલ્યો

**સપ્ટેમ્બરમાં** ATKT પરીક્ષા લેવાનો ઠરાવ

**લૉ ફેકલ્ટીની** બેઠકમાં 7થી 12 સપ્ટેમ્બર વચ્ચે પરીક્ષા યોજવાની ભલામણ

સુરતઃ ઓલ ઈન્ડિયા બાર એક્ઝામિનેશન (AIBE)માં બેસવા માટે પરિણામની રાહ જોઈ રહેલા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના 250થી વધુ એલએલબી વિદ્યાર્થીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. શુક્રવારે યુનિવર્સિટીની લૉ ફેકલ્ટીની તાકીદની બેઠકમાં એલએલબી સેમેસ્ટર-5ની ATKT પરીક્ષા આગામી 7થી 12 સપ્ટેમ્બર દરમિયાન યોજવાની ભલામણ સાથે મહત્વપૂર્ણ ઠરાવ પસાર કરવામાં આવ્યો છે.

આ ઠરાવ હવે યુનિવર્સિટીના સત્તાધિકારીઓ સમક્ષ મંજૂરી માટે મોકલવામાં આવશે. મંજૂરી મળ્યા બાદ પરીક્ષાનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવશે. પરીક્ષા સમયસર યોજાશે તો વિદ્યાર્થીઓને AIBE માટે જરૂરી લાયકાત મેળવવામાં મદદ મળશે.

ઉલ્લેખનીય છે કે, બુધવારે NSUIના આગેવાનો અને વિદ્યાર્થીઓએ કુલપતિ કચેરી બહાર ચાર કલાક સુધી અન્ન-જળનો ત્યાગ કરીને વિરોધ નોંધાવ્યો હતો. વિદ્યાર્થીઓએ એલએલબી સેમેસ્ટર-5ની ATKT પરીક્ષા સપ્ટેમ્બર મહિનામાં યોજવાની માંગ કરી હતી, જેથી તેઓ બાર કાઉન્સિલની પરીક્ષામાં બેસી શકે.

આંદોલન બાદ યુનિવર્સિટી તંત્રએ સમગ્ર મુદ્દાની સમીક્ષા માટે લૉ ફેકલ્ટીની તાકીદની બેઠક બોલાવી હતી. બેઠકમાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને પ્રાથમિકતા આપતા સપ્ટેમ્બરના પ્રથમ અઠવાડિયા બાદ પરીક્ષા યોજવાની ભલામણ સ્વીકારવામાં આવી છે. હવે યુનિવર્સિટીના અંતિમ નિર્ણય પર વિદ્યાર્થીઓની નજર મંડાઈ છે.

# GST રજિસ્ટ્રેશનના TRN લોગિન માટે ઈમેલ અને OTP ફરજિયાત

**GST** પોર્ટલ પર નવા રજિસ્ટ્રેશનની પ્રક્રિયામાં ફેરફાર

સુરતઃ કરદાતાઓની સુવિધા અને પોર્ટલની સુરક્ષા વધારવાના ઉદ્દેશ સાથે GSTNએ GST પોર્ટલ પર નવા રજિસ્ટ્રેશનની પ્રક્રિયામાં મહત્વનો ફેરફાર કર્યો છે. હવે ટેમ્પરરી રેફરન્સ નંબર એટલે કે TRN ના માધ્યમથી અરજી પૂર્ણ કરવાની પ્રક્રિયા વધુ સુરક્ષિત બનાવવામાં આવી છે. અગાઉ કરદાતા TRN અને કેપ્ચા નાખીને સીધા જ પોતાની અધૂરી અરજી આગળ વધારી શકતા હતા. પરંતુ નવી અપડેટેડ પ્રક્રિયા મુજબ હવે TRN સાથે પાર્ટ એ માં નોંધાયેલ ઈમેલ એડ્રેસ અને કેપ્ચા નાખવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. ત્યારબાદ રજિસ્ટર્ડ ઈમેલ પર આવતો OTP વેરિફાઈ કર્યા બાદ જ અરજીનું પાર્ટ બી એક્સેસ કરી શકાશે.

GSTN દ્વારા જારી કરાયેલી માહિતી અનુસાર આ નવી સિસ્ટમનો મુખ્ય હેતુ ફ્રોડ રજિસ્ટ્રેશન અટકાવવાનો અને ડેટાની સુરક્ષા વધારવાનો છે. આ માટે કરદાતાઓએ ખાસ ધ્યાન રાખવું પડશે કે TRN દ્વારા લોગિન કરતી વખતે જે ઈમેલ એડ્રેસ નાખવામાં આવે તે પાર્ટ એમાં આપેલ ઈમેલ સાથે 100% મેળ ખાતો હોવો જોઈએ. જો ઈમેલમાં કોઈ નાનો પણ ફેરફાર હશે તો લોગિન થઈ શકશે નહીં. આ સાથે જ GST અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે TRNની માન્યતા માત્ર 15 દિવસની જ રહે છે. એટલે જે કરદાતાઓએ પાર્ટ એ ભરીને TRN મેળવ્યો છે અને હજુ પાર્ટ બી પૂર્ણ કરવાનું બાકી છે, તેમણે 15 દિવસની અંદર જ નવી પ્રક્રિયાથી અરજી પૂર્ણ કરવી પડશે. આ ફેરફારના પગલે તમામ CA, ટેક્સ કન્સલ્ટન્ટ અને વ્યાવસાયિકોને સૂચના આપવામાં આવી છે કે તેઓ પોતાના ક્લાયન્ટોને આ નવી TRN લોગિન પ્રક્રિયા વિશે તાત્કાલિક માહિતગાર કરે, જેથી રજિસ્ટ્રેશનની પ્રક્રિયામાં કોઈ વિલંબ કે મુશ્કેલી ન થાય.

# દેવધના 8 વર્ષના બાળકનું ડેન્ગ્યુમાં મોત થયું

સુરતઃ દેવધ ગામમાં શ્રમિક પરિવારના 8 વર્ષના બાળકનું ડેન્ગ્યુમાં મોત થયું હતું. કિશનને છેલ્લા બે ત્રણ દિવસથી તાવ આવી રહ્યો હતો. જેથી ડોક્ટર પાસે લઈ જતા ડેન્ગ્યુ હોવાનું સામે આવ્યું હતું. મળેલી માહિતી મુજબ, ગોડાદરા દેવધ ગામમાં શ્યામવિલા નામની નવી બંધાતી કન્ટ્રક્શન સાઈડ પર રાકેશભાઈ પારગી પરિવાર સાથે રહે છે. દંપતી કડિયા કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના બે પુત્રો પૈકી 8 વર્ષીય પુત્ર કિશનને છેલ્લા બે-ત્રણ દિવસથી તાવ આવતો હતો. શુક્રવારે સવારે કિશનની તબિયત વધુ ખરાબ થઈ હતી. જેથી પરિવારજનો તેને સારવાર માટે કડોદરા ખાતે આવેલા ખાનગી ક્લિનિકમાં લઈ ગયા હતા. જ્યાં તબીબે કિશનને ડેન્ગ્યુ હોવાનું જણાવ્યું હતું. જેથી સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીબે કિશનને મૃત જાહેર કર્યો હતો.

# VNSGUના DBIMમાં MBAની ખાલી બેઠકોમાં ફરી પ્રવેશ પ્રક્રિયા

**10 ઓગસ્ટ** સુધી અરજીનો મોકો, 12 ઓગસ્ટે મેરિટ આધારે પ્રવેશ પ્રક્રિયા થશે

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU) સંલગ્ન ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ એન્ડ ઈન્ડસ્ટ્રિયલ મેનેજમેન્ટ (DBIM) દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-27 માટે MBA (SFI)ના પ્રથમ વર્ષમાં ખાલી રહેલી બેઠકો પર પ્રવેશ માટે ફરી અરજી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. .

પ્રવેશ માટે ઈચ્છુક ઉમેદવારોએ 10 ઓગસ્ટ, 2026 સુધી ઓફિસ સમય દરમિયાન DBIM ખાતે રૂબરૂ હાજર રહી અરજી ફોર્મ ભરી જમા કરાવવાનું રહેશે. અરજી સાથે તમામ જરૂરી સ્વ-પ્રમાણિત દસ્તાવેજો તેમજ પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ રજૂ કરવાના રહેશે. ACPCની મેરિટ યાદીમાં સ્થાન ન મેળવનાર ઉમેદવારો માટે અરજી ફી રૂ. 500 નક્કી કરવામાં આવી છે. અરજી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઉમેદવારોની મેરિટ યાદી 11 ઓગસ્ટે VNSGUની સત્તાવાર વેબસાઈટ અને DBIMના નોટિસ બોર્ડ પર જાહેર કરવામાં આવશે.

મેરિટના આધારે પ્રવેશ પ્રક્રિયા 12 ઓગસ્ટે સવારે 10:30 કલાકે DBIM, VNSGU ખાતે યોજાશે. ઉમેદવારોએ નિયત સમયે તમામ મૂળ દસ્તાવેજો સાથે હાજર રહેવું ફરજિયાત રહેશે. DBIM મેનેજમેન્ટ શિક્ષણ ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતો વિભાગ છે. ઉદ્યોગલક્ષી અભ્યાસક્રમ, અનુભવી અધ્યાપકો, પ્રાયોગિક શિક્ષણ, વ્યક્તિત્વ વિકાસ અને રોજગારલક્ષી અભિગમને કારણે દર વર્ષે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અહીંથી મેનેજમેન્ટ શિક્ષણ મેળવી પોતાની કારકિર્દીને નવી દિશા આપે છે.

# નકોડા કંપનીની 393.79 કરોડની સંપત્તિ બેંકોને આપવા PMLA કોર્ટનો આદેશ

**નકોડા** ગ્રુપની કંપનીઓ દ્વારા બારોબાર નાણાંની હેરાફેરી કરી આશરે રૂ. 828 કરોડની બેંક છેતરપિંડી આચરી હતી

### સુરતના બાબુલાલ જૈનની નકોડા કંપનીની ગ્રુપ કંપનીઓએ આ રીતે કરોડોની છેતરપિંડી કરી હતી

EDના સુરત સબ-ઝોનલ કાર્યાલયે સુરતના બાબુલાલ જૈનની નકોડા ગ્રુપની કંપનીઓ સામે મની લોન્ડરિંગ પ્રતિબંધક કાયદા હેઠળ તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન બહાર આવ્યું હતું કે નકોડા લિમિટેડમાં બાબુલાલ ગુમાનમલ જૈન, દેવેન્દ્ર બાબુલાલ જૈન અને અન્યોએ આશરે રૂ. 828 કરોડની છેતરપિંડી આચરી હતી. કેનેરા બેન્કના નેતૃત્વ હેઠળના 13 બેન્કોના કન્સોર્ટિયમે નકોડા લિમિટેડના સપ્લાયરોના નામે લેટર ઓફ ક્રેડિટ જારી કર્યા હતા. સપ્લાયરો દ્વારા રજૂ કરાયેલા બિલ અને ઇન્વોઇસના આધારે આ LC ખોલવામાં આવ્યા હતા, પરંતુ બાદમાં નકલી બિલ ઓફ એક્સચેન્જ અને ખોટા ઇન્વોઇસના આધારે તેનો ડિસ્કાઉન્ટ કરાવવામાં આવ્યો હતો. હકીકતમાં માલસામાનની કોઈ સપ્લાય કરવામાં આવી ન હતી.

સુરતઃ સુરતના ટેક્સટાઈલ ઉદ્યોગકાર બાબુલાલ ગુમાનમલ જૈન અને દેવેન્દ્ર જૈનના નિયંત્રણ હેઠળની 'મેસર્સ નકોડા લિમિટેડ'ની જપ્ત કરાયેલી 393.79 કરોડની મિલકતો દાવેદારોને પરત કરવાનો મુંબઈની PMLA કોર્ટે ગત તા.4 ઓગસ્ટ 2026ના રોજ આદેશ આપ્યો છે.

ઈડીની સુરત સબ-ઝોનલ ઓફિસની તપાસમાં ખુલાસો થયો હતો કે, નકોડા લિમિટેડના સંચાલકોએ તેમની ગ્રુપ કંપનીઓ મારફતે નાણાંનું સુનિયોજિત રીતે પરિવહન કરીને 828 કરોડની બેંક છેતરપિંડી આચરી હતી. કેનરા બેંકના નેતૃત્વ હેઠળની 13 બેંકોના કન્સોર્ટિયમ દ્વારા કંપનીના સપ્લાયરોના નામે લેટર ઓફ ક્રેડિટ જારી કરવામાં આવ્યા હતા. સપ્લાયરોએ માલનો કોઈ પુરવઠો આપ્યા વિના, બોગસ બિલ ઓફ એક્સચેન્જ અને ખોટા ઈનવોઈસના આધારે 4,204.25 કરોડના 1,212 LCs ડિસ્કાઉન્ટ કરાવી લીધા હતા. . આ કૌભાંડમાં EDએ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ 2018માં 375.71 કરોડ અને 2019માં 18.08 કરોડની અચલ મિલકતો કામચલાઉ ધોરણે જપ્ત કરી હતી. દરમિયાન, NCLT અમદાવાદ દ્વારા કંપની સામે ઈન્સોલ્વન્સી પ્રક્રિયા શરૂ કરાઈ હતી, જે નિષ્ફળ જતાં કંપની લિક્વિડેશનમાં ગઈ હતી. લિક્વિડેટરે આ મિલકતો પરત સોંપવા વિશેષ PMLA કોર્ટમાં અરજી કરી હતી.

# 12 વર્ષ બાદ એન્જિનિયરિંગની અનુસ્નાતકની તમામ બેઠક ફૂલ

**48,967** અરજદારોમાંથી 46,702ને મેરિટ

**10 ઓગસ્ટ** સુધી પ્રવેશ કન્ફર્મ કરવાની મુદત

અમદાવાદ : રાજ્યમાં ડિગ્રી એન્જિનિયરિંગના સરકારી, અનુદાનિત સંસ્થાઓ અને ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ટેક્નોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ માટેની પ્રવેશ પ્રક્રિયા સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. અંતિમ રાઉન્ડની બેઠક ફાળવણી જાહેર થતાં ત્રણેય પ્રકારની સંસ્થાઓની તમામ બેઠકો ભરાઈ ગઈ છે. વર્ષ 2014 બાદ પ્રથમ વખત સરકારી અને અનુદાનિત એન્જિનિયરિંગ સંસ્થાઓની એકપણ બેઠક ખાલી રહી નથી.

પ્રવેશ સમિતિના સત્તાવાર સુત્રોના જણાવ્યા પ્રમાણે વર્ષ 2026માં કુલ 48,967 વિદ્યાર્થીઓએ અરજી કરી હતી, જેમાંથી 46,702 વિદ્યાર્થીઓને મેરિટ નંબર આપવામાં આવ્યો હતો. અંતિમ રાઉન્ડ પહેલાં સરકારી, અનુદાનિત સંસ્થાઓ અને IITRAMમાં કુલ 444 બેઠકો ખાલી હતી. આ બેઠકો માટે 13,487 વિદ્યાર્થીઓએ પસંદગી પ્રક્રિયામાં ભાગ લીધો હતો. અંતિમ રાઉન્ડ પૂર્ણ થતાં સરકારી સંસ્થાઓમાં કુલ 967 નવી બેઠક ફાળવણી કરવામાં આવી છે. તેમાં અગાઉ ખાલી રહેલી 444 બેઠકો ભરાઈ ગઈ છે, જ્યારે બાકીની બેઠક ફાળવણી રિ-શફલિંગના કારણે થઈ છે.

રાજ્યની 16 સરકારી એન્જિનિયરિંગ સંસ્થાઓમાં 9,385 નિયમિત બેઠકો અને 405 TFWS બેઠકો સહિત તમામ બેઠકો ભરાઈ ગઈ છે. તે જ રીતે ત્રણ અનુદાનિત (GIA) સંસ્થાઓમાં 1,584 નિયમિત બેઠકો અને 74 TFWS બેઠકો પર પણ સંપૂર્ણ પ્રવેશ ફાળવણી થઈ છે. કોઈપણ શ્રેણીની એકપણ બેઠક ખાલી રહી નથી.

# ડિંડોલીમાં પાર્કિંગ મુદ્દે પિતા-પુત્ર પર હુમલો કરી લૂંટ ચલાવનાર ઝડપાયો

**મુખ્ય** સૂત્રધાર 'ગોપાલ મટકા' સહિત પરિવારે હુમલો કર્યો હતો

સુરત : ડિંડોલી પોલીસ સ્ટેશનની ટીમે પિતા-પુત્ર સાથે મારપીટ કરી લૂંટ ચલાવનાર ટોળકી પૈકીના એક આરોપીને ગણતરીના સમયમાં રાઉન્ડઅપ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગત તા.૦૪/૦૮/૨૦૨૬ ના રોજ ડિંડોલી વિસ્તારમાં એક્ટિવા પાર્કિંગ બાબતે ક્ષુલ્લક તકરાર થઈ હતી. જેમાં આરોપી ગોપાલ ઉર્ફે ગોપાલ મટકા દુધનાથ યાદવ તથા ઈન્દ્રજીત યાદવ ઉશ્કેરાઈ ગયા હતા અને ફરિયાદી તથા તેમના પિતા સાથે ગાળાગાળી કરી ઝઘડો કર્યો હતો. તસ્કર ગોપાલ મટકાએ ફરિયાદીના પિતાજીના શર્ટના ખિસ્સામાંથી ૫,૭૫૦ ની રોકડ રકમ બળજબરીપૂર્વક લૂંટી લીધી હતી. ત્યારબાદ ગોપાલ મટકાએ લાકડાના ફટકા વડે ફરિયાદીને માથાના ભાગે માર માર્યો હતો અને ઈન્દ્રજીત સાથે મળી પિતા-પુત્રને મોઢા તથા શરીરના ભાગે ઢીંક-મુક્કીનો ઢોર માર માર્યો હતો.

આ હુમલામાં ગોપાલ મટકાનો પુત્ર હર્ષ યાદવ અને પત્ની કિરણ યાદવ પણ જોડાયા હતા. તમામ આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે સર્વેલન્સ ટીમે આ ગુનામાં સંડોવાયેલ આરોપી ઈન્દ્રજીત ઉર્ફે સમર દુધનાથ યાદવ (ઉ.વ.૨૬, રહે. પ્રતિક રેસિડેન્સી, કરાડવા, ડિંડોલી, સુરત; મૂળ રહે. આઝમગઢ, ઉત્તર પ્રદેશ) ને રાઉન્ડઅપ કરી લીધો હતો. હાલ આ કેસની આગળની વધુ તપાસ પી.એસ.આઈ. એમ.એન. લીલા ચલાવી રહ્યા છે, જ્યારે ફરાર મુખ્ય આરોપી ગોપાલ મટકા સહિત અન્ય સહ-આરોપીઓને પકડી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# 5 લાખનો હીરો લઈ માત્ર 1.40 લાખ જ ચૂકવી હીરા દલાલ સાથે વિશ્વાસઘાત

**હીરા દલાલે** વેપારી સામે 3.60 લાખની ઠગાઈની ફરિયાદ નોંધાવી

સુરતઃ વરાછાના હીરા દલાલે વેપારીને રૂ.5 લાખની કિંમતનો 5.47 સેન્ટનો હીરો વેચાણ માટે આપ્યો હતો. જેના માત્ર રૂ.1.40 લાખ ચૂકવી બાકીના રૂ.3.60 લાખ નહીં આપી છેતરપિંડી કરાઈ હતી.

છેલ્લા 19 વર્ષથી મીનીબજાર તેમજ મહિધરપુરા વિસ્તારના હીરા દલાલ પરેશભાઈ લાભુભાઈ ખોખરિયા વરાછાના પ્રમુખ દર્શન એપાર્ટમેન્ટમાં રહે છે. આરોપી વલ્લભભાઈ પ્રેમજીભાઈ વિહપરા સાથે છેલ્લા સાત વર્ષથી વ્યવસાયિક ઓળખાણ હતી. જાન્યુઆરી-2025 દરમિયાન ફરિયાદીએ રૂ.5 લાખની કિંમતનો 5.47 સેન્ટનો હીરો આરોપીને વેચાણ માટે સોંપ્યો હતો. લાંબો સમય વીતી જવા છતાં ન તો હીરાનું વેચાણ અંગે કોઈ હિસાબ આપવામાં આવ્યો ન હતો અને તેણે તેનો મોબાઈલ ફોન પણ બંધ કરી દીધો હતો. જેથી તેમણે વરાછા પોલીસ સ્ટેશનમાં અરજી કરતા આરોપી પોલીસ સમક્ષ હાજર થયો હતો. તે સમયે તેણે એક સપ્તાહમાં સમગ્ર રકમ ચૂકવી દેવાની ખાતરી આપી હતી. જોકે ત્યારબાદ આરોપીએ ટુકડે-ટુકડે માત્ર રૂ.1.40 લાખ ચૂકવ્યા હતા. બાકીના રૂ.3.60 લાખ કે તે કિંમતનો હીરો પરત આપ્યા ન હતાં. વરાછા પોલીસે ફરિયાદના આધારે આરોપી વલ્લભ વિહપરા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**અનુસંધાન** ... પાના છેલ્લાનું

### એસિડ પીવડાવવામાં...

તેની જમણી આંખની રોશની કાયમ માટે ગુમાવે તેવી ગંભીર આશંકા છે.

મળતી વિગતો મુજબ, મૂળ બિહારના વતની અને હાલ ભટારના આઝાદનગર સ્થિત મોચી મોહલ્લામાં રહી સુથારી કામ કરતા વિક્રમ પટેલના લગ્ન બે વર્ષ પહેલાં ખુશી નામના મહિલા સાથે થયા હતા. દંપતીને સંતાનમાં એક વર્ષની પુત્રી વૈષ્ણવીકુમારી છે. પરંતુ પતિ-પત્ની વચ્ચે અવારનવાર થતા ઝઘડાથી કંટાળીને ખુશી પોતાની બાળકીને લઈને પિયર ચાલી ગઈ હતી. બુધવારે સાંજે નોકરી પરથી પરત ફરેલા વિક્રમે પત્નીને ફોન કરીને ઘરે પાછા આવવા કહ્યું હતું, પરંતુ પત્નીએ ના પાડતાં ઉશ્કેરાયેલો વિક્રમ તેના પિયર પહોંચ્યો હતો. ત્યાં તેણે 'જો તું પાછી નહીં આવે તો હું મરી જઈશ અને દીકરીને પણ મારી નાખીશ' તેવી ધમકી આપીને માસૂમ વૈષ્ણવીકુમારીને પોતાની સાથે લઈ ગયો હતો.

ઘર નજીક પહોંચીને વિક્રમે એસિડ પીને આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન તેણે પોતાની સાથે રહેલી એક વર્ષની માસૂમ પુત્રીને પણ એસિડ પીવડાવવાનો પ્રયત્ન કર્યો હતો. આ ઝપાઝપીમાં એસિડનો સડકો માસૂમ વૈષ્ણવીકુમારીની જમણી આંખ પર પડતાં જ બાળકી ચીસો પાડીને રડી પડી હતી. બાળકીનો કરુણ આક્રંદ સાંભળી આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને લોહીલુહાણ તથા દાઝી ગયેલી બાળકી તેમજ એસિડ પીજનાર પિતા બંનેને તાત્કાલિક સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા.

### ધો.3થી...

કેટલો સમજ્યો છે, શીખેલા જ્ઞાનનો વાસ્તવિક જીવનમાં કેટલો ઉપયોગ કરી શકે છે અને તેમની વિચારશક્તિ કેટલી વિકસેલી છે તેના આધારે પણ મૂલ્યાંકન કરવામાં આવશે.

ગુજરાત કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ દ્વારા જારી કરાયેલા પરિપત્ર મુજબ પ્રથમ ત્રિમાસિક કસોટી 17થી 25 ઓગસ્ટ દરમિયાન, જ્યારે પ્રથમ સત્રાંત પરીક્ષા 22થી 30 ઓક્ટોબર દરમિયાન લેવામાં આવશે. નવી પરીક્ષા પદ્ધતિનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં રટણ પ્રથાને બદલે સમજણ આધારિત શિક્ષણને પ્રોત્સાહન આપવાનો છે. નવી વ્યવસ્થા અનુસાર બંને પરીક્ષાના પ્રશ્નપત્રમાં 30 ટકા પ્રશ્નો લર્નિંગ આઉટકમ આધારિત રહેશે. આવા પ્રશ્નોમાં વિદ્યાર્થીઓને માત્ર વ્યાખ્યા કે જવાબ લખવાને બદલે પરિસ્થિતિ આધારિત, વિચારશક્તિ વિકસાવે તેવા તેમજ શીખેલા જ્ઞાનનો ઉપયોગ કરીને જવાબ આપવાના રહેશે. પરિણામે વિદ્યાર્થીઓની વિશ્લેષણાત્મક ક્ષમતા, તર્કશક્તિ અને વિષયની ઊંડી સમજનું મૂલ્યાંકન શક્ય બનશે. પરીક્ષાની વિશ્વસનીયતા અને પારદર્શિતા જળવાઈ રહે તે માટે જિલ્લા શિક્ષણ અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, બ્લોક રિસોર્સ સેન્ટર અને ક્લસ્ટર રિસોર્સ સેન્ટરના અધિકારીઓ પરીક્ષા પ્રક્રિયા પર સતત દેખરેખ રાખશે. પરીક્ષાના આયોજનથી લઈને મૂલ્યાંકન સુધીની પ્રક્રિયાનું નિયમિત મોનિટરિંગ કરવામાં આવશે.

### ફાયર NOC...

ડોંગરે (ઉ.વ. 47) ને ફોન કરતાં તેમણે પણ લાંચની રકમ અંગે સંમતિ આપી હોવાનું એસીબીની પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું. ચીફ ફાયર ઓફિસર અમીત ડોંગરેના કહેવાથી વચેટિયાએ લાંચની માંગણી કરી સ્વીકારી હોવાથી એસીબીએ બંને સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

### સરદારે સુરતમાં...

મુજબ, જુલાઈના અંતિમ સપ્તાહથી ઓગસ્ટ 1942 દરમિયાન સરદાર વલ્લભભાઈ પટેલે મુંબઈ, સુરત અને ગુજરાતના અન્ય વિસ્તારોમાં વિરાટ જાહેર સભાઓ યોજીને જનતાને આઝાદીની અંતિમ લડત માટે તૈયાર કરી હતી.

સુરતની એક જનસભામાં સરદાર પટેલે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, 'જો બ્રિટિશ સરકાર કોઈ પણ રાષ્ટ્રીય પક્ષને સત્તા સોંપે અને તેનાથી ભારતને સ્વાતંત્ર્ય મળે, તો કોંગ્રેસ પોતાનું અસ્તિત્વ પણ સમાપ્ત કરવા તૈયાર છે. કોંગ્રેસનું એકમાત્ર ધ્યેય ભારતની પૂર્ણ આઝાદી છે.'

### આંદોલનમાં 21મી ઓગસ્ટ, 1942માં મટવાડનો ઐતિહાસિક સંગ્રામ થયો હતો

દક્ષિણ ગુજરાતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં 21 ઓગસ્ટ 1942નો દિવસ સુવર્ણ અક્ષરે અંકાયેલો છે. સુરત જિલ્લાના (હાલના નવસારી જિલ્લાના) મટવાડ, કરાડી, મછાડ અને કોથમડી ગામોના આશરે 3,000 કોળી ખેડૂતો અને યુવાનોએ મટવાડ ખાતે બ્રિટિશ સૈનિકો સામે લાઠી અને ધારિયા સાથે સીધો પ્રતિકાર કર્યો હતો. આ સંગ્રામ દરમિયાન આંદોલનકારીઓએ જલાલપોર રેલવે સ્ટેશનને નુકસાન પહોંચાડ્યું, રેલવેના પાટા ઉખાડ્યા અને પોસ્ટ ઓફિસને આગ ચાંપી હતી. કોળી યુવાનોએ બ્રિટિશ પોલીસ પાસેથી ચાર બંદૂકો અને બેયોનેટ છીનવી લીધા હતા. આ હિંસક અથડામણમાં એક પોલીસ કર્મચારી સહિત ચાર લોકોએ જીવ ગુમાવ્યો હતો.


**સેલો વર્લ્ડ લિમિટેડ**
(અગાઉ સેલો વર્લ્ડ પ્રાઇવેટ લિમિટેડ તરીકે ઓળખાતી હતી)
રજિસ્ટર્ડ ઓફિસ: 597/2A, સોમનાથ રોડ, દાભેલ, નાની દમણ - 396210, દમણ અને દીવ
CIN: L25209DD2018PLC009865 સંપર્ક નં.: +91 22 6997 0000
વેબસાઇટ: www.corporate.celloworld.com ઈ-મેઇલ: grievance@celloworld.com

**30 જૂન, 2026ના રોજ પૂર્ણ થયેલા પ્રથમ ત્રિમાસિક ગાળાના બિન-ઓડિટેડ એકત્રિત અને અલગ-અલગ નાણાકીય પરિણામો**

30 જૂન, 2026ના રોજ પૂર્ણ થયેલા પ્રથમ ત્રિમાસિક ગાળા માટે કંપનીના વૈધાનિક ઓડિટરના મર્યાદિત સમીક્ષા અહેવાલો સાથેના બિન-ઓડિટેડ નાણાકીય પરિણામો (એકત્રિત અને અલગ-અલગ) SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) નિયમો, 2015ના નિયમન 33 હેઠળ સ્ટોક એક્સચેન્જમાં રજૂ કરવામાં આવ્યા છે. આ પરિણામોની ઓડિટ સમિતિ દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી અને 07 ઓગસ્ટ, 2026ના રોજ યોજાયેલી બેઠકમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મંજૂર કરવામાં આવ્યા હતા.

વૈધાનિક ઓડિટરના મર્યાદિત સમીક્ષા અહેવાલો સાથેના બિન-ઓડિટેડ નાણાકીય પરિણામો (એકત્રિત અને અલગ-અલગ)નું સંપૂર્ણ ફોર્મેટ BSEની વેબસાઇટ www.bseindia.com અને નેશનલ સ્ટોક એક્સચેન્જ લિમિટેડની વેબસાઇટ www.nseindia.com તેમજ કંપનીની વેબસાઇટ www.corporate.celloworld.com પર ઉપલબ્ધ છે.

લિસ્ટિંગ નિયમોના નિયમન 47ના પાલનરૂપે, આ જ માહિતી નીચે આપેલા ક્વિક રિસ્પોન્સ (QR) કોડને સ્કેન કરીને પણ મેળવી શકાય છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી અને તેમના માટે
સેલો વર્લ્ડ લિમિટેડ
એસડી/-
પંકજ જી. રાઠોડ
જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર
DIN: 00027572

સ્થળ: મુંબઈ
તારીખ: 07 ઓગસ્ટ, 2026



**દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ**
DGVCL
CIN U40102GJ2003SGC042909
નવસારી શહેરી વિભાગીય કચેરી, બનાતવાલા સ્કૂલ ની બાજુમાં, દુધિયા તળાવ, નવસારી - ૩૯૬૪૪૫
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ (કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)
વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનંવતા ગ્રાહકોને જણાવવાનું નીચે જણાવેલ ફીડરો ઉપર અગત્યનું સમારકામ કરવાનું હોવાથી નીચે આપેલ તારીખ અને સમયે વીજ પુરવઠો મળી શકશે નહી. જેની અમારા માનવંતા ગ્રાહકોને નોંધ લેવા વિનંતી છે. સમારકામ પુર્ણ થયેથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે જેની નોંધ લઇ સહકાર આપવા વિનંતી.

| અં.નં | સબસ્ટેશન | ફીડરનું નામ | સબ-ડીવીઝન | ફોલ્ટ સેન્ટર નંબર | તારીખ / વાર | સમય |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૬૬ કે.વી કબીલપોર | ૧૧ કે.વી કબીલપોર | નવસારી રૂરલ | ૮૯૮૦૮૦૩૯૪૦ | ૧૨.૦૮.૨૦૨૬ | ૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૨ | ૬૬ કે.વી એરુ | ૧૧ કે.વી ટાસ્કદનગર | જલાલપોર | ૬૩૫૯૬૩૮૫૨૩ | ૧૨.૦૮.૨૦૨૬ | ૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૩ | ૬૬ કે.વી છાપરા | ૧૧ કે.વી જમાલપોર | નવસારી ઈસ્ટ | ૯૮૭૯૨૦૧૦૭૭ | ૧૨.૦૮.૨૦૨૬ | ૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૪ | ૬૬ કે.વી નવસારી સીટી | ૧૧ કે.વી કમેલા રોડ | નવસારી વેસ્ટ | ૮૯૮૦૮૦૩૯૫૯ | ૧૦.૦૮.૨૦૨૬ | ૮:૦૦ થી ૧૪:૦૦ |
| ૫ | ૬૬ કે.વી નવસારી સીટી | ૧૧ કે.વી સ્ટેશન રોડ | નવસારી વેસ્ટ | ૮૯૮૦૮૦૩૯૫૯ | ૧૫.૦૮.૨૦૨૬ | ૮:૦૦ થી ૧૪:૦૦ |

નોંધઃ સમારકામ પુર્ણ થયેથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર વીજ પુરવઠો ચાલુ કરી દેવામાં આવશે જેની નોંધ લઇ સહકાર આપવા વિનતી.
કાર્યપાલક ઇજનેર (સં અને નિ)નવસારી. શહેરી વિભાગીય કચેરી,દ.ગુ.વી.કં.લિ.
ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો